અપીલ અરજી નં.૭૨ તા.૧૮–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મોહંમદ ઐયુબ અબ્દુલ રહેમાન બોટાવાલા
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ અયુબ અબ્દુલ રહેમાન બોટાવાલાની આઈ ડી નં.૧૫૫ તા.૧૩–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૪૦૩૩ ની સર્વે નંબર પર થતાં બાંધકામની જગ્યાનો માલિક કોણ? ,જગ્યાનો પ્લાન કયા અધિકારીએ પાસ કર્યો અને કઈ તારીખે, તેના આર્કીટેકટનું નામ અને સરનામું, પાર્કીગ અને એલાઈમેન્ટની જગ્યા છોડવામાં આવી છે ખરી? ગેરકાયદેસર બાંધકામ કેટલું ?,પ્લાન વિરુધ્ધ બન્યું હોય તો ડીમોલેશન કેમ કરવામાં નથી આવ્યુ.? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** ***:***–અરજદાર મજકુરની તા.૧૮–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૨/૨૦૦૯–૧૦

શ્રી મોહંમદ અયુબ અબ્દુલ રહેમાન બોટાવાલાની આઈ ડી નં.૧૫૫ તા.૧૩–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૪૦૩૩ ની સર્વે નંબર પર થતાં બાંધકામની જગ્યાનો માલિક કોણ? ,જગ્યાનો પ્લાન કયા અધિકારીએ પાસ કર્યો અને કઈ તારીખે, તેના આર્કીટેકટનું નામ અને સરનામું, પાર્કીગ અને એલાઈમેન્ટની જગ્યા છોડવામાં આવી છે ખરી? ગેરકાયદેસર બાંધકામ કેટલું ?,પ્લાન વિરુધ્ધ બન્યું હોય તો ડીમોલેશન કેમ કરવામાં નથી આવ્યુ.? તેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી પૂરી પાડેલ નથી તેમજ બાકીના મુદ્દામાં પણ ગોળ ગોળ જવાબ આપેલ છે તેવી રજૂઆત કરીને નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૭ તા.૨૫–૬–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને ગોળ ગોળ અને ગેરમાર્ગે દોરવાની રજૂઆત બાબતેના દાવાના સમર્થનમાં આધાર કે વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદારે પણ દાવાના સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી.

અરજદારની તા. ૧૩–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૪૦૩૩ ની સર્વે નંબર પર થતાં બાંધકામની જગ્યાનો માલિક કોણ? ,જગ્યાનો પ્લાન કયા અધિકારીએ પાસ કર્યો અને કઈ તારીખે, તેના આર્કીટેકટનું નામ અને સરનામું, પાર્કીગ અને એલાઈમેન્ટની જગ્યા છોડવામાં આવી છે ખરી? ગેરકાયદેસર બાંધકામ કેટલું ?,પ્લાન વિરુધ્ધ બન્યું હોય તો ડીમોલેશન કેમ કરવામાં નથી આવ્યુ.? તેની માહિતી આપવાની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૮૭ તા.૯–૬–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ અંગે સદર મિલ્કતના માલિકની માહિતી પૂરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.(૨) પ્લાન કયા અધિકારીએ પાસ કર્યો અને કઈ તારીખે મુદ્દા નં.(૩) બાંધકામના આર્કીટેકનું નામ અને સરનામું મુદ્દા નં.(૪) બાંધકામમાં પાર્કીગની જગ્યા કેટલી છોડવામાં આવી? મુદ્દા નં.(૫) બાંધકામમાં એલાઈમેન્ટમાં જગ્યા છોડવામાં આવી છે ખરી? સદર મુદ્દા ૨ થી ૫ અંગે "મિલ્કતની વિકાસ પરવાનગી આપી હોવાનું અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ઉપર જણાયેલ નથી" તેવો જવાબ જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી મળી નથી તેવી રજૂઆતને સમર્થન મળેલ નથી. મુદ્દા નં.૬ અને ૭ ગેરકાયદેસર બાંધકામ કેટલું? અને મુદ્દા નં.(૭) પ્લાન વિરુધ્ધનું હોય તો ડીમોલીશન કેમ કરવામાં નથી આવ્યું? જેની માહિતી બાબતે " ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાય આવેલ નથી. તેવી એકરાર કરેલ માહિતી પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ જણાય છે. આમ આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ અરજદારને ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અપીલ તબકકે અરજદારને પત્ર પાઠવી તક આપવા છતાં તેમના અપીલીય દાવા અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,(સેન્ટ્રલ ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહંમદ ઐયુબ અબ્દુલ રહેમાન બોટાવાલા